આંક :-

-:: નમૂનો - અ ::-

## જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ, મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૨૨/૦૭/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૧૨૦૫/૨૦૨૫.

ગુન્હાની વિગત

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૪૦૨૪૦૦૭૭/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | મહિલા પોલીસ સ્ટેશન, જૂનાગઢ. |
| ફરિયાદ પક્ષ | શ્રી સરકાર :<br>(મુળ ફરિયાદી : દયાબેન વા/ઓ. અશ્વિનભાઇ ખોડાભાઇ લકુમ) |
| ફરિયાદ પક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા. |
| આરોપી પક્ષ | (૧) અશ્વિનભાઇ ખોડાભાઇ ગોબરભાઇ લકુમ ઉ.વ.આ. ૩૨, ધંધો-પ્રા. નોકરી,<br>(૨) ખોડાભાઇ ગોબરભાઇ લાખાભાઇ લકુમ, ઉ.વ.આ. ૫૮, ધંધો-મજુરી,<br>(૩) ભાવેશભાઇ ખોડાભાઇ ગોબરભાઇ લકુમ, ઉ.વ.આ. ૩૦, ધંધો-મજુરી,<br>(૪) લાભુબેન ખોડાભાઇ ગોબરભાઇ લકુમ, ઉ.વ.આ. ૫૮,<br>નં.૧ થી ૪ તમામ રહેવાસી : મેંદરડા, સાતવડલા પ્લોટ, બાબરતીરથ, તાલુકો : મેંદરડા, જિલ્લો : જૂનાગઢ, |

| | |
|---|---|
| | (૫) પારસ વાઘાભાઇ બીજલભાઇ મકવાણા<br>ઉ.વ.આ. ૩૬, ધંધો-ગેરેજ,<br>રહેવાસી : મેંદરડા, સાસણ રોડ,<br>બોમ્બે ઓટો ગેરેજ, |
| આરોપી પક્ષ તરફે | વિ.વકીલશ્રી એમ. એમ. મહિડા. |

-:: નમૂનો - બ ::-

| | |
|---|---|
| ગુનાની તારીખ | લગ્નજીવનના ૫-૬ દિવસ બાદથી તા.૧૫/૧૦/૨૪ સુધી અવાર નવાર |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૫/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૦/૦૩/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૯/૦૪/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૬/૦૯/૨૦૨૫ |
| ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

-:: આરોપીની વિગત ::-

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ દોષિત | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશ્વિનાઇ ખોડાભાઇ ગોબરભાઇ લકુમ | -- | -- | બી.એન.એસ. કલમ-૮૫, ૧૧૫(૨) ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | -- | -- |
| ૨ | ખોડાભાઇ ગોબરભાઇ લાખાભાઇ લકુમ, | -- | -- | -”- | -”- | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ભાવેશભાઇ ખોડાભાઇ ગોબરભાઇ લકુમ, | -- | -- | -”- | -”- | -- | -- |
| ૪ | લાભુબેન ખોડાભાઇ ગોબરભાઇ લકુમ, | | | | | | |
| ૫ | પારસ વાઘાભાઇ બીજલભાઇ મકવાણા | | | | | | |

-:: નમૂનો - ક ::-

: સાહેદોનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૭ | દયાબેન અશ્વિનભાઇ લકુમ | ફરિયાદી |
| ૨ | ૨૩ | પાચુબેન રમેશભાઇ મહિડા | સાહેદ |
| ૩ | ૨૯ | દેવાંગ રમેશભાઇ મહિડા | સાહેદ |
| ૪ | ૩૦ | દેવાભાઇ અરવિંદભાઇ ચાવડા | સાહેદ |
| ૫ | ૩૧ | નાથાભાઇ ભીખાભાઇ ચાવડા | સાહેદ |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૮ | એફ.આઇ.આર. |

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| -- | -- | -- | -- |

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

ક. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

ડ. ભૌતિક પદાર્થ :

| ક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| -- | -- | -- |

## -:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી લગ્ન તા.૨૨/૧૧/૨૦૨૧ ના રોજ બિલખા મુકામે આરોપી નં.૧ સાથે થયેલા અને લગ્ન બાદ ફરિયાદી સાસરીમાં આરોપીઓ સાથે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલ. લગ્ન બાદ આરોપી નં.૧ પાંચ-છ દિવસ સાથે રોકાયેલ બાદ વડોદરા જતા રહેલ. ફરિયાદીના જેઠાણી રીસામણે હોય તેના નાના બે બાળકો હોય જેને સાચવવાના એવું આરોપીઓ કહેતા. ફરિયાદી એક મહિનો રોકાયેલ જેમાં આરોપી નં.૧ અવાર નવાર માનસિક ત્રાસ આપતા અને આરોપી નં.૧ વડોદરા મુકામે સાથે કયારેય લઇ જવાનો નથી તારે સાત વડલા મુકામે જ રહેવાનું છે અને મમ્મી પપ્પા તેમજ મોટાભાઇ અને તેના બાળકોને સાચવવાના છે. ફરિયાદી એક મહિનો સાસરે રોકાયેલ ત્યારે ફરિયાદીના સાસુ-સસરા અને જેઠ ભુંડી ગાળો બોલતા અને કરીયાવર બાબતે મેણા ટોણા મારતા. આરોપી નં.૧ ફોનમાં

છુટાછેડા આપી દેવાનું જણાવતા. ફરિયાદી ત્રણેક વર્ષથી તેના મમ્મીના ઘરે રીસામણે ગયેલ અને તેડવા કે સમાધાનની રાહ જોતી હોય પરંતુ સાસરી વાળા તેડવા આવવાને બદલે બધા છુટાછેડા જોતા હોય અવાર નવાર સમાચાર મોકલી માનસિક ત્રાસ આપતા. ફરિયાદી એકાદ મહિનો સાસરીમાં રહેલ ત્યારે ફરિયાદીના સાસુ-સસરા અને જેઠ મારકુટ કરી ધમકીઓ આપતા. ફરિયાદ કર્યાના એકાદ વર્ષ પહેલા ફરિયાદીના મમ્મીના ઘરે બીલખા ફરિયાદીના સાસુ-સસરા તેમજ પતિ તેમજ સંબંધ કરાવનાર બાબુભાઇ અને તેના જમાઇ પારસભાઇ આવેલા અને અને ફરિયાદીના મમ્મીને કહેલ કે તમારી દિકરીને તેડવી નથી અને છુટાછેડા પણ નથી આપવા. પારસભાઇ જેમફાવે તેમ ભુંડી ગાળો આપી મેણા મારેલ અને ધમકી આપેલ. ફરિયાદીની કરીયાવરની ચીજવસ્તુ તેમજ સ્ત્રીધનની વસ્તુઓ રાખી લીધેલ અને ફરિયાદ કર્યાના ત્રણેક વર્ષ પહેલા આરોપીઓએ પહેરેલ કપડે કાઢી મુકેલ.

(૨) સદરહુ ગુનાની ફરિયાદ ફરિયાદીએ જૂનાગઢ મહિલા પોલીસ સ્ટેશનમાં આપતા, જૂનાગઢ મહિલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુનાનું ચાર્જશીટ અદાલતમાં રજૂ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડયા બાદ મારા પુરોગામી વિધ્વાન મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ વિરૂધ્ધ આંક-૪ થી તહોમતનામું ફરમાવી આંક-૫ થી ૯ સુધી પ્લી રેકર્ડ કરવામાં આવતા, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા, આરોપીઓ સામેના ગુનાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૪) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના ‘ક’ (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને આંક-૩૨ થી મુળ ફરિયાદીએ પુરાવો પુરો થયાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરેલ છે.

(૫) <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-</u>

આ કામે પુરાવાના અંતે આરોપીઓના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીઓએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી, બચાવાના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર આપવાનો ઇન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ અને મજુર વર્ગના માણસો છે, તેઓને નિર્દોષ છોડવા અરજ છે.

<u>દલીલો :-</u>

(૬) સદર કામે ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડો. કે. ડી. કારીયા અને આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ. એમ. મહિડાની મૌખિક દલીલો સાંભળી.

(૭) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

<u>-:: મુદાઓ ::-</u>

| | |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ આ કામના ફરિયાદીના પતિ, સાસુ-સસરા, જેઠ અને સગા થતા હોય આરોપીઓએ ફરિયાદીને લગ્નજીવન દરમિયાન અવાર નવાર શારીરિક માનસિક દુ:ખ ત્રાસ આપી, ભુંડી ગાળો કાઢી, મેણા ટોણા મારી, મારકુટ કરી સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી, ઘરમાંથી કાઢી મુકી, એકબીજાને મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨ | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદા નં.(૧) : નકારમાં.

મુદા નં.(૨) : આખરી હુકમ મુજબ.

<u>-:: કા ર ણો ::-</u>

<u>મુદા નં.(૧) :-</u>

(૯) આ કામે ફરિયાદ પક્ષ તરફથી ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલો છે. કાયદાકીય જોગવાઇ મુજબ પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર સામાન્ય રીતે ગુનો પુરવાર કરવા અંગેનો હોય છે. ફરિયાદ પક્ષે શંકારહિત ગુનો સાબિત કરવાનો હોય છે. બચાવ પક્ષે પોતાની નિર્દોષતા સાબિત કરવાની રહેતી નથી. પુરાવાનો બોજો કયારેય આરોપી તરફ શીફટ થતો નથી. આવા ફોજદારી જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતોને ધ્યાને રાખી આ કેસની ચર્ચા કરવાની રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના ભગીભાઇ હીરજીભાઇ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, એ.આઇ.આર. ૧૯૮૩ સુપ્રીમ કોર્ટ, ૭૫૩ થી ૭૫૫, ૭૫૬ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લેવો જરૂરી છે, જે નીચે મુજબ છે.

**By and large, a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen ;**

**1 Ordinarily, it is so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence, which so often has an element of surprise. The mental faculties, therefore, cannot be expected to be attuned to adsorb the details ;**

**2 The power of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image on one person's mind, whereas it might go unnoticed on the part of another ;**

**3 By and large, people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder;**

**4 In regard to exact time of an incident, or the time duration of occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the timesense of individuals, which varies from person to person ;**

**5 Ordinarily, a witness cannot be expected to recall accurately the sequence of events, which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on ;**

**6 A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross-examintation made by the counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved, though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him. Perhaps it is a sort of a psychological defence mechanism activated on the spur of the moment ;**

***Therfore Hon'ble Supreme Court held that too much importance cannot be attached to minor discrepancies.***

વધુમાં કોઇ સાહેદની જુબાનીમાં વિરોધાભાસ આવેલ હોય તો વિરોધાભાસ કેવી રીતે પુરવાર કરવો જોઇએ તે પહેલા વિરોધાભાસ કોને કહેવાય અને તે કઇ રીતે સાબિત કરી શકાય જેની ચર્ચામાં ઉતરતા પહેલા હાલના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટના બંધારણીય બેન્ચના તહેસીલદારસીંગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉતરપ્રદેશના એ.આઇ.આર. ૧૯૫૯ સુપ્રીમ કોર્ટ ૧૦૧૨ ના ચૂકાદાને ધ્યાને લેવો ખૂબજ જરૂરી બની રહે છે, જે નીચે મુજબ છે.

**The procedure prescribed in contradicting a witness by his previous statement made during investigation is, that if it is intended to contradict him by the writing, his attention must before the writing can be proved, be called to those parts of it, which are to be used for the purpose of contradicting him. The second part of sec. 145, Evidence act clearly indicates the simple procedure to be followed. The contradiction under the section should be between what a witness asserted in the witness box and what he stated before the police officer and not between what he said he had stated before the police officer and what he actually made before him.**

આમ, ભગા હીરજી (સુપ્રા) તથા તહેસીલદારસીંગ (સુપ્રા) ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાને લઇ હાલના કેસનું વિહંગાવલોકન કરવું જરૂરી બની જાય છે. તેમજ સામાન્ય રીતે કોર્ટે સામાન્ય પ્રકારના વિરોધાભાસની અવગણના કરવાની રહે છે તેમજ જે વિરોધાભાસ ફરિયાદ પક્ષના કેસના રૂટ ફોર્મને અસર કરે તેવો જ વિરોધાભાસ ધ્યાને લેવો જોઇએ અને દરેક કેસની હકીકતો અને પુરાવા મુજબ મુલવણી અને તારવણી કરવી જોઇએ. ૨૦૧૦(૧) જી.એલ.એચ. પાના નં.૧૧૯ ધનપાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મદ્રાસના ચૂકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ છે કે, ઇન્સાફી કાર્યવાહી કરનાર અદાલતે આપેલો અભિપ્રાય શકય કે તર્કસંગત છે તે જોવાનું રહે છે. અદાલતે પુરાવાનો જેમ છે તે રીતે ઉકેલ લાવવા ફરજથી બંધાયેલ અને જવાબદાર છે અને ફરિયાદ પક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી પુરવાર કરવાનો છે. તે જ રીતે ૧૯૯૧(૧) જી.એલ.આર. પાના નં.૨૨૬ માં નામદાર ગુજરાત હાઇકોર્ટે પણ ઠરાવેલ છે. ૨૦૦૭(૧) જી.એલ.આર. પાના નં.૯૯ જેન્તીભાઇ કુબેરદાસ શર્મા વિરૂધ્ધ સરકારના ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટે એવું નોંધેલ છે કે, પુરાવાના મૂલ્યાંકન અંગેના સિધ્ધાંતો જોતા બધી બાબતમાં પોલાદી સત્ય હકીકતો તારવતો ફરિયાદ પક્ષનો કેસ હોઇ શકે નહીં. અદાલતે સાહેદની સમજશકિત અને તે સમજી શકે તેવા મગજના સ્તરને ધ્યાનમાં રાખી પૃથ્થકરણ કરવાનું છે. વ્યાજબી શંકાથી પર સાબિત એ માત્ર માર્ગદર્શક છે, કોઇ સિધ્ધાંત પ્રત્યેની અંધશ્રધ્ધા નથી.

(૧૦) આમ, ફોજદારી કાર્યવાહીના સિધ્ધાંત પ્રમાણે કાર્યવાહીના દરેક તબકકે અદાલતે આરોપી નિર્દોષ હોવાનું અનુમાન કરવાનું રહે છે. અદાલત સમક્ષ મૌખિક પુરાવો સાહેદો આપતા હોય ત્યારે સામાન્ય રીતે અદાલતે સાહેદની માન્યતા, જ્ઞાન અને જાણકારીના આધારે સાચું કહે છે તેવું અનુમાન કરવાનું રહે છે. સિવાય કે અનુમાન ન થઇ શકે તેવો દફતર પર પુરાવો હોય. કેટલાક સાહેદોનો પુરાવો સાહજીક અને સત્યની નજીક હોય છે, જેનો પુરાવો અદાલત સ્વીકારી શકે અને તેવો પુરાવો માનવાલાયક હોય છે. કેટલાક સાહેદોનો પુરાવો સત્ય અથવા અસત્ય મિશ્રિત કથન આપતો હોય તેવા સમયે અદાલતે સત્ય અસત્યને દૂર કરી શકાય તેમ હોય તો જેટલો પુરાવો માનવાલાયક કે ભરોસાપાત્ર હોય તે સ્વીકારવાનો હોય છે. કેટલીક વાર સાહેદોનો પુરાવો સ્વીકારવા લાયક ન હોય કે ભરોસાપાત્ર ન હોય તો અદાલતે સંપૂર્ણપણે અવગણવો પડે, ભોગ બનનારના સગાનો કે મિત્રનો પુરાવો છે તેટલા કારણોસર તેને અવગણી શકાય નહીં, પરંતુ અદાલતે તેવા પુરાવાનું મૂલ્યાંકન કરતા સતર્કતા રાખવી જોઇએ. સાહેદો જયારે અદાલત સમક્ષ પુરાવો આપવા આવે છે ત્યારે બનાવ કે ઘટના કઇ પરિસ્થિતિ અને સંજોગોમાં બનેલ છે. બનાવ બન્યા બાદ અદાલત સમક્ષ પુરાવો આપવા દરમિયાનનો સમયગાળો, અદાલતનું વાતાવરણ, સાહેદની માનસિક શારીરિક બૌધ્ધિક સજ્જતા - સક્ષમતા જેવા પરિબળો પણ લક્ષમાં લેવા જોઇએ. ફરિયાદ પક્ષના પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા વિરોધાભાસી છે. અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરિયાદ પક્ષના પુરાવાને કલુષીત, દુષિત કરતી ન હોય તેવા સમયે તેવી વિસંગતતા અતિરેક અવગણવી જોઇએ. કેટલીક વાર સાક્ષી પોતાને અદલાત ખોટો ન માની લે તેવા ભયના કારણે, લાગણીને કારણે કેટલાક કથનો ઉમેરે કે રજૂ ન કરે તે સંભવિત છે તે પણ અદાલતે ધ્યાને લેવું જોઇએ. વિજ્ઞાનના સુત્ર મુજબ $2H2 + O2 = 2H2O$ અદાલત સમક્ષ પુરાવામાં શકય નથી. પુરાવાના મૂલ્યાંકન માટે કોઇ સાક્ષી વૈજ્ઞાનિક કાનૂની નિયમ નથી

પરંતુ અદાલત તે કેસની હકીકત, સંજોગો પુરાવા અનુલક્ષી પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૧) આ કામે ફરિયાદ પક્ષે રજુ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલા ભારતીય દંડ સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૫૪ ની જોગવાઇઓ અને તેના આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

કલમ-૮૫ - સ્ત્રીનો પતિ અથવા પતિના સગા તેણીને ક્રુરતાને ભોગ બનાવે:-

કોઇ સ્ત્રીનો પતિ અથવા પતિના સગા હોય તે કોઇપણ તેવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

સમજૂતી : આ કલમના હેતુઓ માટે "ક્રુરતા" એટલે

(ક) એવા પ્રકારનું ઇરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઇજા પહોંચાડે અથવા જીંદગી, શરીના કોઇ અવયવ કે (માનસિક કે શારીરિક) આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે,

(બ) સ્ત્રીને ત્રાસ, જયાં આવો ત્રાસ તેણી અથવા કોઇપણ વ્યકિત કે જે તેણીના સગા થતા હોય તે દબાણથી કોઇ મિલકત કે કિંમતી જામીનગીરી માટેની કોઇ ગેરકાનૂની માંગણી પુરી કરે તે માટે હોય અથવા તે સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે હોય.

તત્વો :-૧. ભોગ બનનાર સ્ત્રી પરિણીત હતી.

૨. આવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવવામાં આવી હતી.

૩. એવું ઇરાદાપૂર્વકનું વર્તન કરવામાં આવ્યું હતું કે જે કારણે સ્ત્રી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા પોતાની જાતને ગંભીર ઇજા પહોંચાડે અથવા જીંદગી, શરીના કોઇ અવયવ કે માનસિક અથવા શારીરિક આરોગ્યને જોખમમાં મુકવા પ્રેરાય અથવા,

૪. સ્ત્રી કે તેણીના સગા દબાણથી કોઇ મિલકત કે કિંમતી જામીનગીરી માટેની ગેરકાનૂની માંગણી પુરી કરે તે માટે ત્રાસ આપવામાં આવે અથવા સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે આવો ત્રાસ આપવામાં આવતો હોય,

૫. આવી ક્રુરતા અથવા ત્રાસ પતિ કે પતિના સગા દ્વારા આપવામાં આવ્યો હોય.

કલમ-૧૧૫(૨) : સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :-

કોઇપણ વ્યકિત, કલમ-૧૨૨ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય સ્વૈચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

તત્વો : ૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.

૨. આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઇરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વૈચ્છાપૂર્વક કર્યુ હતું.

કલમ-૩૫૨ : સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઇરાદાથી અપમાન :-

ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુનો કરી બેસે તેવા ઇરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઇ ગુનો કરી બેસશે તેવો સંભવો હોવાનું જાણવા છતાં, કોઇપણ વ્યકિત, ઇરાદાપૂર્વક અન્ય કોઇ વ્યીકતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

તત્વો : ૧. આરોપીએ ઇરાદાપૂર્વક કોઇ વ્યકિતનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**Section 351(3).** Whoever commits the offence of criminal intimidation by threatening to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or imprisonment for life, or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

**Section 54.** Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the

abetment is committed, he shall be deemed to have committed such act or offence.

(૧૨) આ કામે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫ (ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક)) મુજબનો ગુનો કયારે સાબિત થયેલ ગણાય તે અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટનો ૧૯૯૯(૩) જી.એલ.આર. ૨૫૩૬ ઇન્દ્રસીંગ એમ. રાઓલ વિરૂધ્ધ ગુજરાત રાજયનો ચૂકાદો ધ્યાને લેવામાં આવે તો તે ચૂકાદાના પેરા-૧૬ માં અનેક ચૂકાદાઓની ચર્ચા કર્યા બાદ નામદાર હાઇકોર્ટે નીચે મુજબ ઠરાવેલ છે.

***"Whether such solitary incident can be considered to be the cruelty or harassment envisaged by Sec. 498-A of Indian Penal Code is the question posed for consideration. As made clear, hereinabove, every act of cruelty or harassment is not made a crime under Sec. 498-A. The prosecution has to, as made clear hereinabove, establish that the cruelty or harassment was unabated, incessant and persistent and being grave in nature unbearable; and the same was with the intention to force the woman to commit suicide or to fulfil illegal demand or dowry of the husband or her in-laws. At this stage, reference of two decisions may be made. The High Court of Bombay has also taken the same view in the case of Sarla Prabhakar Waghmare v. State of Maharashtra, 1990 Cri. LJ 407 observing that every harassment or every type of cruelty would not attract Sec.498-A. It must be established that beating and harassment was with a view to force the wife to commit suicide or fulfill illegal demands of husband or her in-laws. The Supreme Court has also taken the same view in the case of State of Maharashtra v.***

***Ashok Chotelal Shukla, 1997 (11) SCC 26 observing that the prosecution has to establish that the accused committed acts of harassment or cruelty as contemplated by Sec. 498-A, and such harassment or cruelty must be the cause forcing the wife to commit the suicide. What can be deduced from these authorities is that a solitary incident cannot be interpreted to be the sufficient evidence of cruelty or harassment attracting Sec. 498-A because in that case, incessant, persistent and sufficiently grave cruelty as is likely to drive the woman to a point of desperation leaving her with no option except to think about suicide will be absent. In other words, a single incident will not incite a woman to commit suicide the improvident act, believing that life is now not worth living. Even if in some case it incites, the same will not attract Sec. 498-A as persistency or incessancy will be lacking. The section when envisages that cruelty or harassment must be unabated, continuous or recurring and unbearable, one or two incidents casually taking place, may therefore, attract another penal provisions of Indian Penal Code, but will not attract Sec. 498-A of Indian Penal Code.”***

(૧૩) આમ, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫ મુજબના ગુનાના ઉપરોકત તત્વો તથા સદરહુ ગુનો કયારે સાબિત થયેલ ગણાય તે અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપરોકત ચૂકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોતા ફરિયાદ પક્ષ તરફે મુળ ફરિયાદી દયાબેન અશ્વિનભાઇ લકુમને આંક-૧૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી નં.૧ તેણીના પતિ, અન્ય આરોપીઓ સાસુ, સસરા તથા સગા થાય છે. આરોપી નં.૧ સાથે તેણીના સને ૨૦૨૧

અગાઉ જ્ઞાતિના રીત રીવાજ મુજબ લગ્ન થયેલા. લગ્નજીવનથી કોઇ સંતાન થયેલ નથી. લગ્ન બાદ તેણીના પતિ સાથે અઠવાડીયું રહેલ બાદ તેણીના પતિ વડોદરા લેબોરીટરીમાં નોકરી કરતા હોય ત્યાં જતા રહેલા. તેણી સાસુ-સસરા, જેઠ અને બે છોકરાઓ સાથે રહેતા હતા ત્યારે તેણીના જેઠાણી રીસામણે હતા. તેણી એક મહિનો સાસરીમાં રહેલ ત્યારે તેણીના પતિ તેણીને ફોન કરતા ન હતા અને તેણી ફોન કરે તો તારે શું કામ છે, હું કામમાં છું તેમ કહેતા. તેણીના સાસુને પતિ વાત નહીં કરતા હોવાની હકીકત કહેતા તેઓએ કહેલ કે, પતિ કામમાં હોય વાત કરતો ન હોય, લગ્ન તારી સાથે અમારી મરજીથી થયેલા છે. તેણીએ પતિને કહેલ કે વડોદરા લઇ જાવ તો તેઓએ કહેલ કે, તારે મારા માતા, પિતા, ભાઇ અને ભાઇના છોકરાઓનો સાચવવાના છે. તેણીના સાસુ-સસરા ગાળો બોલી મેણા ટોણા મારી તેણીને કહેતા કે તું કંઇ લઇને આવેલ નથી અને તેણીને ત્રાસ આપતા હતા. તેણીના સાસુ તેણીને બે વાર મારેલ તેમજ તેણીના જેઠ તેણીને ગાળો બોલતા જેથી તેણી તેમના માતાના ઘરે ગયેલ ત્યારે તેણીના સાસુએ કહેલ કે, તું પાછી આવતી નહીં. બાદ તેણીએ ઘરમાં વાત કરતા ઘરના માણસોએ કહેલ કે અશ્વિનને ફોન કરો તો તને લઇ જાય. તેણીએ અશ્વિનને ફોન કરતા તેણે કહેલ કે, તું કેમ તારા માવતરે ગઇ તેમ કહી ગાળો બોલેલા અને કહેલ કે હવે તું જોઇતી નથી. બે-ત્રણ વર્ષ થઇ ગયા પણ તેણીના પતિ તેણીને ફોન કરતા ન હતા. તેણી કોઇક વાર ફોન કરીને કહે કે મારે આવવું છે તો તેણીના પતિ કહેતા કે મારે તું જોઇતી નથી. તેણીના ઘરે બાબુભાઇ રાઠોડ, પારસભાઇ આવેલા અને અશ્વિન સાથે જવાની વાત કરતા એ લોકોએ કહેલ કે તારે તેના માતા પિતા સાથે જ રહેવાનું છે અને તેઓ કહે તેમ જ કરવાનું છે. ત્યારે તેમના માતાએ કહેલ કે, લગ્ન સમયે એવી વાત થયેલી કે છોકરો જયાં રહે ત્યાં છોકરીએ રહેવાનું હતું. બાદ તે લોકો ઉભા થઇ જતા રહેલા અને કહેલ કે છુટું પણ કરવું નથી અને તેડવી પણ નથી તમારાથી થાય તે કરી લેજો. તેણીને અશ્વિને કહેલ કે જો તું કેસ કરીશ તો હું દવા પીને મરી જઇશ અને બધાને હેરાન કરી દઇશ. બધાને ભેગા કરીને છુટુ કરવાની વાતો કરતા. તેણીને પતિ સાથે જવું છે. બાદ તેણીએ

પોલીસમાં ફરિયાદ કરેલી. એફ.આઇ.આર. આંક-૧૮ થી રજૂ કરી તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. એક માસ અગાઉ સમાધાન કરીને તેણીના પતિ લઇ ગયેલા પરંતુ તેણીને સારી રીતે રાખેલ નહીં અને અવાર નવાર ગુસ્સો કરતા હતા. તેણી ચાર દિવસ સાસરીમાં રોકાયેલ ત્યારે તેણીના પતિ વડોદરા જતા હોય તેણીએ પૂછતા તેણીને ગાલ ઉપર એક થપ્પડ મારતા તેણીને કાનમાં રસી નીકળવાના ચાલુ થઇ ગયેલા. તેમના ભાઇની ગાડી પકડાતા તેના પૈસા ભરવાના હોય તેણીના ભાઇએ પતિને ફોન કરતા તેઓએ ઘરે આવીને તેણીને જેમ તેમ બોલવા લાગેલા અને તેણીએ કહેલ કે તે નાનો છે, તેને કાંઇ ખબર પડતી નથી ત્યારે પણ તેણીના પતિએ તેણીનું મોઢું પકડીને બે થપ્પડ મારેલ અને તેણીને ઘરની બહાર કાઢી મુકેલી. ત્યારે તેણીના સાસુ તેણીને જેમતેમ બોલતા હતા અને બધા ભેગા થઇ ગયેલા અને તેણીના સાસુએ કહેલ કે અમારે આ જોઇતી નથી. બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લગ્ન રાજીખુશીથી થયેલા અને તેણીના જેઠાણી બે બાળકો મુકીને રીસામણે ગયેલા તે હકીકત લગ્ન પહેલાથી જ ખબર હતી અને તેણીના પતિ વડોદરા મુકામે નોકરી કરતા હોવાની ખબર હતી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને તથા તેણીના પતિને વડોદરા મુકામે રહેવા બાબતે મનદુ:ખ હતું. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં કઇ તારીખે, કઇ જગ્યાએ, કેટલા વાગ્યે, કયા અપશબ્દો કહેલા તેમજ કઇ તારીખે, કઇ જગ્યાએ, કેટલા વાગ્યે, કયા અપશબ્દો કહેલા તેમજ કઇ તારીખે, કઇ જગ્યાએ, કેટલા વાગ્યે મારકુટ કરેલી તેની વિગત જણાવી નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં કઇ તારીખે, કઇ જગ્યાએ, કેટલા વાગ્યે કયા નંબર ઉપરથી કયા નંબર ઉપર કોલ કરી તેડી જવાનું જણાવેલ તે વિગત લખાવેલ નથી.

(૧૪) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ પાચુબેન રમેશભાઇ મહિડાને આંક-૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી તેમની દિકરી છે તેણીના લગ્ન ચાર વર્ષ અગાઉ જ્ઞાતિના રીત રીવાજ મુજબ

થયેલા. આરોપીઓ તેમની દિકરીના પતિ, સાસુ, સસરા અન્ય સગાઓ થાય છે. લગ્ન બાદ તેમની દિકરી ૧૫ દિવસ તેણીના પતિ સાથે અને ૧૫ દિવસ તેણીના સાસુ સાથે રહેલી આમ કુલ એક મહિનો તેમની દિકરી સાસરે રહેલી. તેમની દિકરીના જેઠાણી રીસામણે ગયેલા હોય જેથી તેના છોકરાઓને તેમની દિકરીએ સંભાળવા પડતા. તેમની દિકરીની સાસુ કહેતા કે તમે ગરીબ ઘરના છો જેથી તેમની દિકરી ત્યાંથી માવતરે આવી ગયેલ. તેઓએ ર-૩ વર્ષ સુધી તેડવાની રાહ જોયેલી પરંતુ તેઓ તેડવા આવેલા નહીં. આ લોકો બહાર એવી વાતો કરતા કે અમારે દયા જોઇતી નથી અને તેઓની આગળ એવી વાત કરતા કે અમારે દયાને લઇ જવી છે. બાદ તેઓએ તેમની દિકરીને આરોપીઓના ઘરે મોકલેલી. ત્યારબાદ પાંચ દિવસ તેમની દિકરી રહેલી અને પાંચ દિવસ બાદ ઝઘડો કરીને પાછી મોકલી આપેલી. જયારે સંબંધની વાત થયેલ ત્યારે બાબુભાઇ અને પારસભાઇએ જણાવેલ કે, તમારી દિકરીને વડોદરા તેના પતિ પાસે રાખવાની છે તેમ જણાવી તેઓ પાસે લગ્ન કરાવેલ પરંતુ તેમની દિકરીને આજદિન સુધી વડોદરા લઇ ગયેલા નથી. બાદ ફરીથી તેઓએ દયાને તેની સાસરીમાં મોકલી આપેલી. આરોપીઓ અવાર નવાર હેરાન કરતા હોય જેથી ફરિયાદ કરવાની જરૂરીયાત થયેલી. બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઝઘડો નજરે જોયેલ નથી અને આ સિવાય તેઓએ અગાઉ કોઇ ફરિયાદકરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મારકુટ કરી હોય તે અંગેની સારવાર તેઓએ તેમની દિકરીની કરાવી નથી અને તેમની દિકરી રીસામણે આવ્યા બાદ ૩ વર્ષ રહીને ફરિયાદ કરેલી હતી.

(૧૫) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ દેવાંગ રમેશભાઇ મહિડાને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદી તેમના બહેન થાય છે. આરોપી નં.૧ સાથે લગ્ન ૨૦૨૧ માં થયેલા. લગ્ન બાદ એક મહિના સુધી સાસરે મેંદરડા રહેતી હતી બાદમાં એક અઠવાડીયા બાદ તેણીના પતિ તેણીને મુકીને વડોદરા નોકરી માટે ચાલ્યા ગયેલા અને તેમના બહેનને કહેલ કે તારે

સાસુ-સસરાની સેવા કરવાની છે અને અહીં સાસરીમાં રહેવાનું છે. અવાર નવાર તેમની બહેનને માનસિક, શારીરિક ત્રાસ આપતા અને તેમના બહેને પતિને વડોદરા મુકામે સાથે રહેવા માટે કયારે આવવાનું છે તેમ પૂછતા પતિએ ના પાડી અને કહેલ કે ત્યાં માતા પિતાની સેવા કરવા રહેવાનું છે તેવું જણાવતા હતા. એક વખત તેમની બહેનને પીયરે મોકલી દીધેલી અને બાદમાં થોડા દિવસ બાદ સાસરીમાં મોકલી દીધેલ હતી. બાદમાં પણ તેમની બહેનને માનસિક ત્રાસ આપતા અને હેરાન પરેશાન કરતા. બાદમાં તેમના માસીના દિકરાના લગ્ન હોવાથી તેમની બહેનને ફોન કરેલ અને તેણે રડતા રડતા કહેલ કે અહીં મને હેરાન કરે છે, અને લગ્નમાં જવાની ના પાડેલ છે અને કહેલ કે ત્યાં જવાનું નથી. અવાર નવાર કરીયાવર બાબતે મેણા ટોણા મારતા હતા. લગ્ન બાદ સરખી રીતે ફોનમાં વાત કરતા ન હતા અને કયારેક ફોન પણ ઉપાડતા ન હતા અને તેમના બહેનને કહેતા કે તારે ત્યાં જ રહેવાનું છે અને મારે બરોડા મુકામે રહેવાનું છે અને થાશે તો છુટાછેડા લઇ લેશું. અન્ય આરોપીઓ પણ તેમના બહેનને શારીરિક માનસિક ત્રાસ આપતા અને તેમના બહેનના સ્ત્રીધનના દાગીના આરોપીઓ પાસે છે. બચાવ પક્ષે કરાયેલી ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના બહેનને જે દુ:ખ ત્રાસ આપતા તે તેઓએ નજરે જોયેલ નથી.

(૧૬) વધુમાં ફરિયાદ પક્ષે સાહેદ દેવાભાઇ અરવિંદભાઇ ચાવડા અને સાહેદ નાથાભાઇ ભીખાભાઇ ચાવડાને અનુક્રમે આંક-૩૦ અને ૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, દોઢેક વર્ષ પહેલા ફરિયાદી કે જે તેમના ભાણેજ થાય છે તેણીએ પતિ, સસરા પક્ષના પરિવારના સભ્યો સામે માનસિક દુ:ખ ત્રાસ આપવાની, ભુંડી ગાળો આપવાની તથા કરીયાવરની માંગણી કરવા બાબતની ફરિયાદ કરેલી અને છુટાછેડા નથી આપવા તેવું કહી તેમના ભાણેજને ઘરમાંથી કાઢી મુકેલ હોવાની ફરિયાદ થતા પોલીસે તેમનું નિવેદન લીધેલ અને તેઓએ ઉપર મુજબની હકીકત લખાવેલી.

(૧૭) આમ, ફરિયાદ પક્ષે રજૂ થયેલ ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીના પુરાવાથી ફરિયાદ હકીકતને અમુકઅંશે સમર્થનકારી હકીકતો ફલિત થાય છે અને ફરિયાદીના લગ્ન આરોપી નં.૧ સાથે થયેલાનું અને આરોપીઓ સાથે સંયુકત કુટુંબમાં રહેલ હોવાનું અને લગ્નના થોડા સમય બાદ આરોપીઓ દ્વારા મેણા ટોણા મારતા હોવાનું અને ત્રાસ આપતા હોવાનું અને વડોદરા પતિ સાથે રહેવા લઇ ગયેલ ન હોવાનું અને માવતરે મોકલી આપેલ હોવાનું જણાય આવે છે. તેમજ ફરિયાદીના માતાના પુરાવાથી પણ અમુકઅંશે સમર્થન પ્રાપ્ત થાય છે, પરંતુ આ કામે સમગ્રપણે પુરાવો ધ્યાને લેતા તેમજ ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતા ફરિયાદ અને પોલીસ નિવેદનમાં જણાવેલ ન હોય તેવી વધારાની હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદી અને સાહેદે જણાવેલ હોવાનું ફલિત થાય છે તેમજ મહત્વની કહી શકાય તેવી વિરોધાભાસી હકીકતો ફલિત થાય છે અને ફરિયાદી તથા સાહેદના પુરાવામાં સાતત્યતા જણાય આવતી નથી. વધુમાં ફોન ઉપર ધમકી આપેલ હોવા બાબતે પણ કોઇ ઠોસ પુરાવો રજૂ થયેલનથી. વધુમાં ફરિયાદીને મારકુટ થયા અંગે ચોકકસ સમય દર્શાવવામાં આવેલ નથી તેમજ તેવી થયેલી ઇજા સંબંધે કોઇ સારવાર લીધેલ હોવાની હકીકત પણ જણાય આવતી નથી. આરોપીઓએ એકબીજાને મદદગારી કરેલાની હકીકત પણ જણાય આવતી નથી. ફરિયાદી અને તેના મતા અને ભાઇ અને મામા અન્ય કોઇ સ્વતંત્ર સાક્ષીના નિવેદન લેવામાં આવેલ નથી કે ફરિયાદ પક્ષે તેવા કોઇ સ્વતંત્ર સાક્ષીને તપાસવામાં આવેલ નથી ત્યારે ફકત ફરિયાદી અને તેના માવતર પક્ષના સભ્યના પુરાવા ઉપર આધાર રાખી સમર્થનના અભાવે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આ સિવાય ફરિયાદ પક્ષે અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ નથી.

(૧૮) નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા જુના ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૮(ક) સંદર્ભે ***Manju Ram Kalita V. State of Assam, (2010) 1 SCC (Cri) 1015,*** માં ઠરાવેલ છે કે, Cruelty has been defined by the explanation added to the Section itself. The basic ingredients of Section 498A

I.P.C. are cruelty and harassment. In the instant case, as the allegation of demand of dowry is not there, we are not concerned with clause (b) of the explanation. The elements of cruelty so far as clause (a) is concerned, have been classified as follows :

(i) any `wilful' conduct which is of such a nature as is likely to drive the woman to commit suicide; or

(ii) any `wilful' conduct which is likely to cause grave injury to the woman; or

any `wilful' act which is likely to cause danger to life, limb or health, whether physical or mental of the woman.

"Cruelty" for the purpose of Section 498-A I.P.C. is to be established in the context of S. 498-A IPC as it may be a different from other statutory provisions. It is to be determined/inferedby considering the conduct of the man, weighing the gravity or seriousness of his acts and to find out as to whether it is likely to drive the woman to commit suicide etc. It is to be established that the woman has been subjected to cruelty continuously/persistently or at least in close proximity of time of lodging the complaint. Petty quarrels cannot be termed as `cruelty' to attract the provisions of Section 498-A IPC. Causing mental torture to the extent that it becomes unbearable may be termed as cruelty.

ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫ ના હેતુ માટે "કુરતા" માણસના વર્તનને ધ્યાનમાં રાખીને તેના વર્તનની ગંભીરતા અથવા ગંભીરતાને ધ્યાનમાં લઇ અને તે સ્ત્રીને આત્મહત્યા કરવા દોરવા પુરતું છે તેમ પુરવાર કરવું પડે અને સ્ત્રી ઉપર ફરિયાદ દાખલ કરવાના સમયે સતત કુરતા ચાલુ હતી તેમ પ્રસ્થાપિત કરવું પડે. કલમ-૮૫ ના હેતુ માટે સામાન્ય ઝઘડાને "કુરતા" ગણી શકાય નહીં. ફરિયાદ પક્ષે આરોપી કેવા પ્રકારના ઝઘડા, શા કારણે કરતા હતા તેનો ચોકકસ સમય અને કારણ જણાવેલ નથી.

પ્રસ્તુત કેસમાં આરોપીઓ દ્વારા ફરિયાદી સાથે કોઇપણ કારણસર ઝઘડા કરતા હતા તેવું માનવામાં આવે તો પણ ઉપરોકત ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ સામાન્ય ઝઘડા "ક્રુરતા" ગણી શકાય નહીં. ફરિયાદી દ્વારા આરોપીઓ સામે ત્રાસના આક્ષેપ છે, પરંતુ આ કેસની હકીકત જોતા અને ઉપર મુજબની ચર્ચા કર્યા મુજબ ફરિયાદીને આરોપીઓ દ્વારા એટલી હદે ત્રાસ આપવામાં આવેલ હોય કે તેણી આત્મહત્યા કરવા પ્રેરાઇ હોય કે તેણીને માનસિક કે શારીરિક ગંભીર ઇજા કે ભય થવાનો સંભવ હોય તેવા કોઇ સબળ કે પ્રબળ પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ નથી. જેથી ફરિયાદ પક્ષના તમામ આક્ષેપોમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫ ના આવશ્યક તત્વો જણાતા નથી. તેથી આરોપીઓ સામે કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

(૧૯) વધુમાં ફરિયાદમાં ગાળો આપેલ હોવાનું લખાવેલ છે, પરંતુ ગાળોમાં કયા ચોકકસ શબ્દો બોલેલ તે અંગે કોઇ હકીકત લખાવેલ નથી તેમજ આ હકીકત સંબંધે મહત્વના એવા ફરિયાદી કે સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આવી કોઇ હકીકત જણાવતા નથી કે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ સાહેદોની જુબાનીમાંથી એવું જણાય આવતું નથી કે આરોપીઓએ ઇરાદાપૂર્વક અપમાન કરેલ હોય અને જાહેર સુલેહ શાંતિનો ભંગ કરેલ હોય અને ઝઘડો થયા બાદ જાહેર જનતાને અગવડતા પડેલ હોય અને અશાંતિ થયેલ હોય જેનાથી જાહેર જીવનને અસર થઇ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. આ તબકકે ભારતીય ન્યાય સંહિતા ઉપર જુના ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ સંદર્ભે નામદાર ગુજરાત હાઇકોર્ટના ૨૦૧૭(૧) જી.એલ.એચ. ૩૩૭ પ્રવિણ બેચરભાઇ વણકર અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇએ તો સદરહુ ચૂકાદામાં સ્પષ્ટ રીતે એવું ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ નો ગુનો સાબિત કરવા આરોપીઓ ધ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં.

વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઇરાદાપૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઇએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલો ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબિત થતો નથી.

(૨૦) હાલના કેસમાં ઉપરોકત ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતને ધ્યાને લઇ ચર્ચા કરીએ તો આ કામે તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમ છતાં પણ દલીલ ખાતર કહેવાતો આક્ષેપ માની લેવામાં આવે તો પણ આ કામે ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૫૨ મુજબનો ગુનો સાબિત કરવા માટેના આવશ્યક તત્વો હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ શંકારહિત પુરવાર કરી શકેલ નથી. આ સિવાય ફરિયાદ પક્ષ તરફથી અન્ય કોઇ પુરાવો રજૂ થયેલ નથી તેવા સંજોગોમાં રેકર્ડ ઉપર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧, ૫૪ મુજબના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. ભારતીય સાક્ષ્ય અધિનિયમની જોગવાઇ મુજબ આરોપી વિરૂધ્ધ શંકારહિત કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે, પરંતુ સદર કેસમાં ફરિયાદ પક્ષે મુકેલા આક્ષેપો શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે અને ફરિયાદ પક્ષના પુરાવાથી આરોપીઓની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થાય છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. જેથી આ કામે ફરિયાદ પક્ષના કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો રહે છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના કૈલાશગૌર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ, એ.આઇ.આર. ૨૦૧૨ એસ.સી. ૭૮૬ તથા સૂચિત વિશ્વાસ વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામના ચૂકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઇએ તો,

It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is

indeed a long distance between accused `may have committed the offence' and `must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. Narendra Singh ans Anr vs State of M.P. (2004) 10 SCC 699 and Ranjitsingh Bhramajeetsingh Sharma Vs State of Mahasrashtra and Ors. (2005) 5 SCC 294. To the same effect is the decision of this Court in Ganesan vs. Rama S Raghuraman. (2011) 2 SCC 83 where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." In the case of Sujit Biswas Vs State of Assam ABC 2013(11) 13 SC Hon'ble Supreme Court held that Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that `may be' proved, and something that `will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason that the mental distance between `may be' and `must be' is quite large, and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not(60) take the place of legal proof. The large distance between `may be' true and `must be' true, must be covered by way of clear, cogent and unimpeachable evidence produced by the prosecution, before an accused is condemned as a convict, and the basic and golden rule must be applied. In such cases, while keeping in mind the distance between `may be' true and `must be' true, the court must maintain the vital distance between mere conjectures and sure conclusions to be arrived at, on the touchstone of dispassionate judicial scrutiny, based upon a complete and comprehensive appreciation of all features of the case, as well as the quality and credibility of the evidence brought on record. The court must ensure, that miscarriage of justice is avoided, and if the facts and circumstances of a case so demand, then the benefit of doubt must be given to the accused, keeping in mind that a reasonable doubt is not an imaginary, trivial or a merely probable doubt, but a fair doubt that is based upon reason and common sense. (Vide: Hanumant Govind Nargundkar & Anr. v. State of M.P., AIR 1952 SC 343; State through CBI v. Mahender Singh Dahiya, AIR 2011 SC 1017; and Ramesh Harijan v. State of U.P., AIR 2012 SC 1979).

(૨૧) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આ કામના આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

(૧) આ કામના આરોપી નં.(૧) અશ્વિનભાઇ ખોડાભાઇ ગોબરભાઇ લકુમ, (૨) ખોડાભાઇ ગોબરભાઇ લાખાભાઇ લકુમ, (૩) ભાવેશભાઇ ખોડાભાઇ ગોબરભાઇ લકુમ, (૪) લાભુબેન ખોડાભાઇ ગોબરભાઇ લકુમ અને (૫) પારસ વાધાભાઇ બીજલભાઇ મકવાણા, તમામ રહેવાસી : મેંદરડા વાળાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૮૫, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને દરેક આરોપીએ નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ <u>૨૨મી,</u> માહે <u>જુલાઇ,</u> સને <u>૨૦૨૬</u> ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૨/૦૭/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)